મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૩ ટકા

ગાંધીનગર તાપમાન

પગાર વધારા મુદ્દે એનએચએમના કર્મચારીઓની રજુઆત

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં નેશનલ હેલ્થ મિશનમાં ફરજ બજાવતા કર્મચારીઓના પગાર વધારા મુદ્દે ગઈકાલથી હડતાલ પર ઉતરી આંદોલનનો પ્રારંભ કર્યો છે. પાટનગરની સિવિલ હોસ્પિટલમાં પણ ચાલતા વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમોમાં આ કર્મચારીઓ નેશનલ હેલ્થ મિશનના નેજા હેઠળ ફરજ બજાવે છે. ત્યારે સિવિલના આ કર્મચારીઓએ આજે આંદોલનમાં જોડાઈને સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિબેન લાખાણીને આવેદન પત્ર પાઠવી આ અંગે યોગ્ય કરવા રજુઆત કરી હતી.

જિલ્લાના પીએચસી સેન્ટરમાં ફરજ બજાવતા કર્મચારીઓનો સરકાર દ્વારા ગત મે માસમાં પગાર વધારો કરવામાં આવ્યો હતો. પરંતુ પગાર વધારામાં રહેલી વિસંગતાઓને સરકાર દ્વારા આજ દિન સુધી દુર કરવામાં આવી નથી. આ તફાવતોને ઝડપથી દુર કરવાની માંગ સાથે ગઈ કાલે જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા કર્મચારીઓ હડતાલ પર ઉતરી ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલનની શરુઆત કરી હતી. સિવિલ હોસ્પિટલમાં એનસીડી સેલ, ટીબી વિભાગ, જેવા હેલ્થ પ્રોગામમાં ફરજ બજાવતા તથા હોસ્પિટલમાં ગાયનેક તથા કેટલાક અન્ય વિભાગમાં સ્ટાફ નર્સ નેશનલ હેલ્થ મિશન હેઠળ ફરજ બજાવી રહી છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં નેશનલ હેલ્થ મિશન હેઠળ ફરજ બજાવતા કર્મચારીઓ આજે આંદોલનમાં જોડાયા હતા. પગારા વધારા મુદ્દે નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓએ સિવિલ સુપ્રિટેન્ડન્ટને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરવામાં આવી છે.

ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અંગે વ્યકિતગત જાગૃતિ મહત્વની

ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર સમિતિ દ્વારા ગ્રાહક સાવચેતી અને સુરક્ષા અંગે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ન્યુ ગાંધીનગરના કુડાસણમાં સત્કાર રેસ્ટોરન્ટ ખાતે આજે ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમિનીસ્ટ્રેશનના કમિશનર ડૉ. એચ.જી. કોશિયાએ એફડીસીડબલ્યુસી દ્વારા આયોજિત ગ્રાહક સાવચેતી અને સુરક્ષા અંગે ચર્ચા કાર્યક્રમમાં જણાવ્યું હતું કે 'પાણીપુરી પર પ્રતિબંધ મુકી શકાય તે તેવી ચીજવસ્તુ નથી પરંતુ તેની બનાવટમાં સ્વચ્છતા અને યોગ્ય માપદંડોની જાળવણી થાય તેનું ધ્યાન રાખવું જરુરી છે.' આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'સ્વાસ્થ્ય પ્રદ ખાદ્ય પદાર્થો માટે આપણી જાગૃતિ જ અગત્યની છે.'

ડૉ. એચ.જી. કોશીયાએ તેમના વકતવ્યમાં વિવિધ ફૂડ પ્રોડકટસમાં થતી ભેળસેળની રીતરસમો તેમજ દૂધ જેવી રોજીંદી જરૂરિયાતની ચીજવસ્તુઓની શુધ્ધતા અંગે ચકાસણી કરવાની રીતો જણાવી હતી. તેમણે તર્કબધ્ધ દલીલો સાથે પ્લાસ્ટિકના ચોખાની વાતને ફારસરૂપ ગણાવતા ખરીદી કરતી વખતે જ તેલ-મસાલા સહિતના ખાદ્ય ઉત્પાદનોમાં ચકાસણી કરી લેવાની સાવચેતી રાખવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગરના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ નાગરિકો તેમજ સંસ્થાને શહેરમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળના મામલે મનપાથી માંડીને રાજય સરકાર પડખે ઉભી હોવાની હૈયાધારણ આપી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાંત જહાએ ગાંધીનગરમાં ભેળસેળ સહિત તમામ ગુનાખોરીનું પ્રમાણ ઓછું હોવાનું જણાવતા શુધ્ધ વિચારો અપનાવી શુધ્ધ આગાર ગ્રહણ કરવા સાથે ગ્રાહકોને સુરક્ષા કવચ પ્રાપ્ત થાય તેવી લાગણી વ્યકત કરી હતી. કાર્યક્રમના પ્રારંભે ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટીના નેશનલ પ્રેસિડેન્ટ સુધીર મોરેએ શુધ્ધ આહાર થકી સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવું તે તમામ નાગરિકોનો અધિકાર હોવાનું જણાવી રાજયમાં દરેક ગામ-શહેરના છેવાડાના માનવી સુધી સંસ્થાને લઈ જવા કટિબધ્ધતા દર્શાવી હતી. કાર્યક્રમમાં આ ઉપરાંત પણ વિવિધ અગ્રણીઓ તેમજ એફડીસીડબલ્યુસીના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

નાસતા-ફરતા આરોપીને એલસીબીએ પકડ્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર લોકલ કાઈમ બ્રાન્ચના અ.હે.કો. સુરેશકુમાર છાજુરામ, રણજીતસિંહ સરદારસિંહ, પો.કો. જીજ્ઞેશકુમાર કનુભાઈ સહિતના ટીમના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા એ.હે.કો. સુરેશકુમાર છાજુરામને મળેલી માહિતી આધારે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા શખ્સ શૈલેષ અશ્વિનભાઈ ગામેતી રહે. સે-૬ ડી પ્લોટ નં. ૧૨૭૨-૨ ગાંધીનગર વાળાને ઘ-૫ સર્કલથી ઘ-૬ તરફ જવાના માર્ગ પરથી પકડી પાડ્યો હતો અને તેની વિરુધ્ધમાં કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ શખ્સ વિરુધ્ધ નોંધાયેલ ઉપરોક્ત ગુન્હાની હકીકત જોતા ગત્ તા.૨૭-૮-૧૮ના રોજ એલસીબી ગાંધીનગર દ્વારા આ શખ્સને એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સહિત અન્ય એક આરોપી દ્વારા રાયસણ ખાતેથી વિદેશી દારુની બોટલો નંગ-૩ તથા એકટીવા, મોબાઈલ મળી કુલ રૂ. ૩૬,૫૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો અને આ ગુનામાં આરોપી વોન્ટેડ ફરતો હતો.

ગલુદણ ગામેથી ૯ લીટર દેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર કાઈમ બ્રાન્ચની ટીમના પીએસઆઈ વી.એમ.ઝાલા, તેમજ ટીમના સભ્યો એએસઆઈ અશોકકુમાર અંબાલાલ, અ.હે.કો. દિલિપસિંહ બળદેવજી, પો.કો. દિપક કુમાર મહેન્દ્રસિંહ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન એએસઆઈ અશોકભાઈ અંબાલાલને ખાનગી રાહે બાતમી મળી કે ગલુદણ ગામની સીમમાં આવેલા ચરામાં જયંતિજી કેશાજી ઠાકોર (રહે.ગલુદણ નદીવાળો વાસ) દેશી દારુ ગાળવાનો તેમજ વેચવાનો ધંધો કરતા હોવાથી સ્થળ પર જઈને રેઈડ કરી આ શખ્સને પકડી પાડ્યો હતો અને તેનો પ્રોહીબીશનનો જથ્થો જેમાં દેશી દારુ લીટર-૯ કિ.રૂ.૧૮૦ તથા દેશી દારુ ગાળવાનો વોશ લીટર-૩૫૦ (કુલ-૧૦ કેરબા) પકડી પાડ્યા હતા અને આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

આર્થિક સંકડામણને કારણે ૩૬ વર્ષીય યુવકે જીવન ટૂંકાવ્યું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર અમદાવાદ માર્ગ પરથી પસાર થતી ઝુંડાલ નર્મદા કેનાલમાંથી આજે સવારના સુમારે એક ૩૬ વર્ષના યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. ગાંધીનગર શહેરમાં ભાડાના મકાનમાં રહેતો હતો અને રેતી સપ્લાયનો વેપાર કરતા યુવકે નાણાકીય લેવડ-દેવડમાં પોતાનો જીવ ખોયો હોવાની વાતો સાંભળવા મળી રહી છે. હાલ તો અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મૃતક તુલસી ભાઈએ બિલ્ડરને લાખો રૂપીયાની રેતી આપી હતી. જેનું અડધુ પેમેન્ટ બાકી રહેતું હતું. જે આપવામાં બિલ્ડરને બાકી રહેતું હતું. અને બીજી તરફ વેપાર ચાલુ રાખવા માટે મૃતકને રૂપીયા બજારમાંથી ઉછીના લેવા પડ્યા હતા. જેનું વ્યાજ ચડતુ હોવાથી તેમણે માનસિક તણાવ રહેતો હતો. જેથી આર્થિક સંકડામણને પગલે તુલસીભાઈએ આત્મહત્યા કરી લીધી હોવાની વાતો ચર્ચામાં સાંભળવા મળતી હતી.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૪ બી પ્લોટ નં.૩૬૮-૧, (મુળ રહે. જામળા, કલોલ) ખાતે રહેતા ૩૬ વર્ષિય તુલસીભાઈ સાંકળચંદ પટેલ છેલ્લા કેટલાક વર્ષોથી શહેરમાં રહીને રેતી સપ્લાયનો વેપાર કરતા હતા. પરિવારમાં પત્નિ અને એક પાંચ વર્ષનો બાળક છે. ત્યારે મંગળવારના રોજ સવારે ઝુંડાલ પાસે આવેલી નર્મદા કેનાલમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગેની જાણ યુવકના સગા બળદેવભાઈ પટેલે અડાલજ પોલીસને કરતા તાત્કાલીક બનાવ સ્થળે આવીને કાર્યવાહી શરુ કરી હતી. એક ચર્ચામાં સાંભળવા મળતુ હતુ કે યુવક બિલ્ડરને રેતી સપ્લાય કરી રહ્યો હતો.જેના નાણાં બાકી લેવાના નીકળતા હતા. પરંતુ આપવામાં નહીં આવતા આર્થિક સંકડામણના કારણે આત્મહત્યા કરી લીધી હતી. ત્યારે હાલ તો પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એસ.એ.બૂલને હાથ ધરી હતી.

એસ.જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૧

તા. ૨૯ અને ૩૦ ઓગસ્ટ ૨૦૧૮ એમ બે દિવસ હીરામણી સ્કૂલ દ્વારા યોજાયેલ **science exposition** કાર્યક્રમમાં એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના પટેલ અંશ અને પટેલ વેદ દ્વારા તૈયાર કરેલ એકસીડન્ટ પ્રિવેન્શન સીસ્ટમ વિષય પર પ્રોજેક્ટ રજુ કર્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ત્રીજો નંબર મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષિકા સુબર્ના મેડમ બાળકોની સાથે ગયા હતા. શાળા પરિવાર તેમજ આચાર્યા મિલી મેડમે વિજેતા બાળકોને અભિનંદન આપ્યા હતા.

કલોલ પોલીસે પશુ ચોરતી ટોળકી પકડી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પોલીસ મથકના પીએસઆઈ એમ.એચ.દેસાઈ તેમજ ટીમના સભ્યો એએસઆઈ જગદીશભાઈ દયારામ, અ.હે.કો.ઉર્વેશકુમાર કાંતિભાઈ, અ.પો.કો. ભાવેશભાઈ કરમશીભાઈ તથા અનાર્મ લો.રક્ષક રોનકકુમાર રમેશભાઈ સહિતના પોલીસ જવાનો પશુ ચોરીના અનડીટેકટ ગુનાઓ શોંધી કાઢવા માટે નારદીપુર આઉટપોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન એએસઆઈ જગદીશભાઈ દયારામભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે આ ગુનામાં નાસતા ફરતા શખ્સો કરણસિંહ ઉર્ફે કરણ વિનુજી સોલંકી, સાવન કાળાજી ઠાકોર અને માલભા સુખાજી સોલંકી રહે.તમામ ઉનાવા તા.જી.ગાંધીનગર પકડી તા. ૮-૯-૧૮ના રોજ ૧૩ કલાકે અટક કરી શખ્સોના તા.૧૦-૯-૧૮ કલાક ૧૬.૦૦ સુધીના રિમાન્ડ મેળવી શખ્સોને યુકિત-પ્રયુકિતથી પુછપરછ કરતા ગુન્હાનો મુદ્દામાલ બે ભેંસો તેમજ એક જોટું મળી કુલ રૂ. ૧,૦૦,૦૦૦ નો મુદામાલ રીકવર કરી કલોલ તાલુકા પોલીસે ભેંસ ચોરીના ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલી નાંખ્યો છે.

સે-૧૬ સોમનાથ મહાદેવ સમિતિ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના સહયોગથી શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા આયોજીત સાર્વજનિક ગણેશ મહોત્સવ કાર્યક્રમ શ્રી સોમનાથ મંદિરના સાંનિધ્યમાં સે-૧૬ રંગમંચ સામે સે-૧૬ ગાંધીનગર ખાતે તા. ૧૩-૯-૨૦૧૮થી તા. ૧૬-૯-૨૦૧૮ દરમિયાન ઉજવવામાં આવશે. જેઅંતર્ગત તારીખ ૧૩-૯-૨૦૧૮ને સવારે શ્રીજીની શોભાયાત્રા સે-૧૩ ચેતનભાઈ રાવલના નિવાસસ્થાનેથી નીકળશે અને શ્રી સોમનાથ મંદિરના સાંનિધ્યમાં સે-૧૬ ખાતે સ્થાપના કરાશે. દરમિયાન રાત્રે ૮ કલાકે આરતી અને ૮.૩૦ કલાકથી અલગ અલગ કાર્યક્રમો યોજવામાં આવશે જેમાં ડાયરો, મ્યુઝિકલ પાર્ટી, લોકસંગીત અને હાસ્ય રસનો સમાવેશ થાય છે. આ ભવ્ય આયોજનને માણવા ગાંધીનગરની કલાપ્રેમી જનતાને પધારવા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ અને મહામંત્રી નરેશ દવે દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગરના શાંતાબા મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા સેકટર-૩ડીમાં ગણેશ ચોક ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સુમિત્રાબેન ભાવસાર, સ્થાનિક કોર્પોરેટર ઉર્મિલાબેન વર્મા ઉપરાંત ઈલાબેન દવે, ભાવનાબેન ઠાકોર, ભાનુબેન મિસ્ત્રી, મંજુલાબેન પટેલ, જયોતિબેન પંડયા, તનાબેન ભાવસાર તથા ભજન મંડળ અને સંસ્થાની મહિલાઓ જોડાઈ હતી.

સેકટર-૫-બી ખાતે ગણેશ મહોત્સવમાં ત્રિ-દિવસીય શિવકથા

ગાંધીનગર, તા.૧૧

શ્રી ગણેશ મહોત્સવના પાવન દિવસોમાં ગાંધીનગરના આંગણે દર વર્ષે ઉજવાતા ગણેશ મહોત્સવમાં આ વર્ષે સેકટર-૫-બી 'જય ગોગા યુવક મંડળ' દ્વારા ત્રિ દિવસીય શિવકથા સત્સંગ મહોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૪, ૧૫ અને ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૮ના ત્રણ દિવસ દરરોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે કથા યોજાશે.

કથામાં 'માતાજી પ્રાગટય મહોત્સવ', 'શિવવિવાહ' અને 'ગણેશ કાર્તિકેય પ્રાગટય મહોત્સવ' ખુબ જ ધામ ધૂમથી ઉજવવામાં આવશે સાથે ૧૩-૯-૧૮ના રોજ ભવ્ય પોથીયાત્રા તેમજ ૧૫-૯-૧૮ના રાત્રે ૮.૩૦ કલાકે શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ પણ યોજાશે. રાત્રિ કાર્યક્રમોમાં રાસ ગરબા-નાટક-આનંદનો ગરબો અને ડાયરાનું આયોજન પણ જય ગોગા યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું છે તો ગણેશ મહોત્સવ સાથે શિવકથા શ્રવણ કરવા સૌ ભકતોને યુવક મંડળ દ્વારા જણાવાયું છે.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા હલ્દી-કંકુ સહિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

જયોતિ મહિલા મંડળ દ્વારા આગામી તા. ૧૪મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૧.૩૦ કલાકે સેકટર-૨૨ના રંગમંચ ખાતે હલ્દી કંકુ તથા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં આરતી સુશોભન, ફુલદાની શણગાર અને મોદક સ્પર્ધા (લાડુની વાનગી)નું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે મહિલાઓ માટે ભજન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઓછામાં ઓછી પાંચ અને વધુમાં વધુ સાત મહિલાઓના ગ્રૂપમાં ભાગ લઈ શકાશે. આ કાર્યક્રમમાં તેજ આઈ સેન્ટરના ડેન્ટિસ્ટ ડૉ. તેજલ દલાલ, ડૉ. બિંદી ગજ્જર, નીરૂબેન નાયક અને નિશિતભાઈ વ્યાસ ઉપસ્થિત રહેશે તમામ સ્પર્ધામાં મહિલાઓએ મોટી સંખ્યામાં ભાગ લેવા જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતનાબેન બુચ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સાદરા ખાતે નિ:શુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

રાષ્ટ્રીય સેવા યોજના અને સીમ્સ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે શારીરિક શિક્ષણ અને રમત ગમત સંસ્થા સાદરામાં નિશુલ્ક મેડીકલ હેલ્થ ચેકઅપ યોજાયો જેમાં શારીરિક શિક્ષણ અને રમત ગમત વિદ્યાશાખા અને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના એકમના લગભગ ૩૦૦ સ્વયં સેવકોએ આજુ બાજુના ગામો મોતીપુરા, રાજપુર, જાખોરા, કલ્યાણપુરા, ચંદ્રાલા અને માધવગઢમાં જઈ ડોર ટુ ડોર આ નિશુલ્ક મેડીકલ હેલ્થ ચેકઅપ કેમ્પની માહિતી નાગરિકોને આપી હતી. આ નિશુલ્ક મેડીકલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં ડૉ. દર્શન ભણસાલી, ડૉ. કશ્યપ સેઠ, ડૉ. કેયુર બુચ, ડૉ. કલ્પેશ પંચાલ, ડૉ. ચાંદની પટેલ, ડૉ. મયુર કાસુન્દ્રા, ડૉ. અંકિતા મીઢા, ડૉ. સ્મિતા ધીરે પોતાની નિ:શુલ્ક સેવા આપી હતી. આ નિ:શુલ્ક મેડીકલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં સાદરા અને તેની આજુ બાજુના ગામના અંદાજીત ૨૮૭ નાગરિકોએ વિવિધ રોગોની તપાસ કરાવી હતી અને સાથે સાથે ૩૦૦ વિદ્યાર્થીઓ માટે ત્રણ તજજ્ઞો ડૉ. મલ્હાર પટેલ, નીખીલ વ્યાસ અને સીનીબેન દ્વારા કેન્સર, સી.પી.આર અને માનવ અંગ દાન વિષય પર વ્યાખ્યાનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ઉદઘાટન પ્રસંગે સીમ્સ ફાઉન્ડેશનના ટ્રસ્ટી જગદીશભાઈ શાહ, ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી રાજેન્દ્ર ભાઈ ખીમાણી, ડૉ. અરૂણભાઈ ગાંધી, ડૉ. મલ્હાર પટેલ અને ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ હાજર રહ્યા હતા. આ સંપૂર્ણ આયોજન પાછળ સીમ્સ ફાઉન્ડેશન તરફથી મુખ્ય ભૂમિકા જીનાલીબેન ઠક્કર અને અર્ચનાબેન જાનીની રહી હતી અને ગૂજરાત વિદ્યાપીઠ તરફથી ગૂજરાત વિદ્યાપીઠ રાષ્ટ્રીય સેવા યોજના એકમના કોર્ડીનેટર ડૉ. અરૂણભાઈ ગાંધી અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ અને ડૉ. કનુભાઈ વસાવાની રહી હતી.

વિનાયક યુવક મંડળ સેકટર-૫-બી દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન

દરરોજ રાત્રે ૯ કલાકે આરતી બાદ વિવિધ કાર્યક્રમો

ગાંધીનગર, તા.૧૧

તા. ૧૩-૯-૨૦૧૮ થી ૧૯-૯-૨૦૧૮ દરમિયાન વિનાયક યુવા મિત્ર મંડળ, સે-૫-બી દ્વારા વિનાયક ચોક સે-૫-બી ખાતે સાર્વજનિક ગણેશમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૩મી સપ્ટેમ્બરે સવારે ૧૧ કલાકે શોભાયાત્રા મહાકાળી મંદિરથી નીકળી વિનાયક ચોક પહોંચશે જયાં સવારે ૧૨.૩૯ કલાકે શ્રીજીની સ્થાપના કરવામાં આવશે. સમગ્ર મહોત્સવ દરમિયાન સવારે ૯.૩૦ કલાકે અને સાંજે ૮.૩૦ કલાકે આરતીનો સમય રહેશે તથા બપોરે ૪ કલાકે રાધા મંડળની બહેનો દ્વારા ભજન કરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ કાર્યક્રમો અને સ્પર્ધાઓનું પણ મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

દરરોજ રાત્રે ૯ કલાકે આરતી બાદ વિવિધ કાર્યક્રમો અંતર્ગત ૧૩મીએ સ્વચ્છતા વિષય પર ધો-૩ થી ૮ના બાળકો માટે નિબંધ તેમજ ચિત્ર સ્પર્ધા અને ૧૦ કલાકે ચેસ, ૧૪મીએ ધો-૧ થી ૩ના બાળકો માટે મેમરી ગેમ, ૩૦મી. દોડ અને જજમેન્ટ ગેમ તથા ધો-૪ થી ૭ના બાળકો માટે લીંબુ ચમચી, દોરડા કુદ અને ધો-૮થી ઉપરના બાળકો માટે સંગીત ખુરશી જેવી રમતોનું આયોજન કરેલ છે. ૧૫મીએ ધી પાઈ ઓફ ફેમીલી ગ્રુપ દ્વારા નાટક અને તા. ૧૬મી રવિવારે બપોરે ૨ કલાકે જય અંબે ગ્રુપ દ્વારા આનંદનો ગરબો તથા સાંજે ૯ કલાકે ભવાઈનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૭મી સપ્ટેમ્બરે ધો-૩ થી ૬ અને ધો-૭ થી ૧૨ના બાળકો માટે સ્લો સાયકલ રેસ તથા ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૮મી સપ્ટેમ્બરના રોજ આરતી સુશોભન સ્પર્ધા, સમુહ આરતી અને ટેલેન્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ તમામ સ્પર્ધામાં વિજેતા બાળકો માટે ઈનામ વિતરણનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૯મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨ કલાકે વિસર્જન અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજનને સફળ બનાવવા માટે વિનાયક યુવક મંડળના તમામ સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

ચિરવિદાય

- સ્વ. પંકજ કરશનભાઈ દંતાણી, ઉ.વ. ૨૭
- સ્વ. જનસાલી વિદીત કેયુરભાઈ, ઉ.વ. ૧૪
- સ્વ. અંબાલાલ બબાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૩